## વાપીમાં છેડતીના ગુનામાં RFOની જામીન અરજ રદ

**રજિસ્ટર** ચેક કરવાના બહાને બોલાવી છેડતી કરી હતી

વાપી: વાપી રેન્જ ફોરેસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા રે ન્જ ફોરેસ્ટ ઓફિસર દિનેશભાઈ વિરકાભાઈ ડામોર સામે તેમની જ ઓફિસમાં કોન્ટ્રાક્ટ બેઝ પર કામ કરતી મહિલા કર્મચારીની છેડતી અંગે ગુનો નોંધાયા બાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

આરએફઓ દિનેશભાઈ ડામોરે વાપીની કોર્ટમાં જામીન પર મુક્ત થવા અરજી મૂકી હતી જે કોર્ટે ફગાવી દીધી હતી.

વાપીના આરએફઓની ઓફિસમાં કર્મચારી તરીકે ફરજ બજાવતી મહિલાને આરોપી RFO દિનેશભાઈ ડામોર અવારનવાર ઓફિસના કામકાજ બહાને પોતાની ચેમ્બરમાં બોલાવતા હતા. ઘટનાના દિવસે ફરિયાદી ઓફિસમાં એકલા હોવાનો લાભ લઈ, ઓફિસની બાજુમાં આવેલા ક્વાર્ટર્સમાં કબાટમાં રાખેલાં રજિસ્ટરો ચેક કરવાના બહાને મહિલાને બોલાવી હતી. ત્યાં મહિલા એકલી હતી ત્યારે તેના બંને હાથ પકડી લીધા હતા અને નજીક આવી બાથમાં લેવાનો પ્રયાસ કર્યો હતો.

આ અંગે વાપી પોલીસે છેડતીનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. આરોપીએ વાપી કોર્ટમાં જામીન અરજી કરી હતી. જ્યાં સરકારી વકીલ રાકેશ ચાંપાનેરિયાની દલીલોને ગ્રાહ્ય રાખી થર્ડ એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટના જજ એચ.જે. પંડ્યાએ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

# આશ્રમશાળામાં ગેરરીતિ જણાશે તો તાળાં મારી દેવાશે

**વલસાડના** ખુટલીની આશ્રમશાળામાં કન્યા છાત્રાલયનું લોકાર્પણ



વલસાડઃ નાનાપોંઢા તાલુકાના ખુટલી ખાતે વૃંદાવન આશ્રમ શાળાના સ્વ. બાપુભાઈ એન રાવુત શિક્ષણ સંકુલના નવી ગર્લ્સ હોસ્ટેલ અને મકાન રિનોવેશન કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેલા આદિજાતિ મંત્રી નરેશ પટેલે ગુજરાતમાં ચાલતી આશ્રમ શાળાના વહીવટમાં બેદરકારી દાખવનારા સંચાલકો સામે કડક કાર્યવાહીના સંકેતો આપ્યા હતા.

તેમણે કહ્યું કે આશ્રમ શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ વિશ્વાસ રાખી બાળકને આશ્રમ શાળામાં મૂકે છે, પરંતુ ફરિયાદો મળી છે કે, મેનૂ પ્રમાણે ભોજન મળતું નથી. આવી ફરિયાદો અનુલક્ષીને અમે વિશેષ સમિતિ બનાવી છે. જેમાં અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનોને સામેલ કરાયા છે. જેઓ આશ્રમ શાળાની મુલાકાત કરશે ત્યારે બાદ રિપોર્ટ બનાવશે. ક્ષતિ જણાશે તો નોટિસ આપશે. નોટિસ આપ્યા બાદ પણ પરિસ્થિત યથાવત રહી કે ચૂક જણાશે તો આશ્રમ શાળાઓને બંધ કરવા સુધીનાં પગલાં લેવાશે.

આદિજાતિ વિભાગ આશ્રમશાળાઓ કે શાળાઓમાં શિક્ષણ સાથે સંલગ્ન અત્યાધુનિક સંકુલો, છાત્રાલયો સહિતની સુવિધા ઉભી કરવા વિશેષ યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવે છે. તેનો બાળકો માટે સદ ઉપયોગ કરવો જરૂરી બને છે તેમ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે સરકારના પ્રયાસો થકી આજે ડ્રોપ આઉટ રેશિયો 1 ટકા છે, જેને ઝીરો સુધી લઈ જવો છે. કન્યાઓને મફત શિક્ષણ, કુમારો માટે વિશેષ યોજના, આવક મર્યાદા દૂર કરી છે. કન્યાઓને શિક્ષણ,પોષ્ટિક આહારની જવાબદારી સરકારે લીધી છે. અહીં અત્યાધુનિક શૈક્ષણિક સંકુલ સાથે કન્યાઓ માટેના છાત્રાલય સહિતની સુવિધાઓની તેમણે સરાહના કરી હતી. અહીં ધો. 9ના ક્રમિક વર્ગની પણ મંજૂરી અપાશે તેમ જણાવ્યું હતું.

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્ય અરવિંદ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ માધુ ભાઈ રાવુત સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની ચૂંટણીમાં એકતા પેનલનો વિજય



ધરમપુરઃ વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની બી. આર.સી. ભવન ખાતે શનિવારે યોજાયેલી ચૂંટણીના પરિણામોમાં એકતા પેનલના જયેશભાઈ કે. ગરાસિયાનો વિજય થયો હતો. જ્યારે ઉપ પ્રમુખ તરીકે રતિલાલ પટેલ વિજેતા બન્યા છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગના 1,079 ડેલીગેટ શિક્ષકો પૈકી 1,052નું મતદાન નોંધાયું હતું. જેમાં જયેશભાઈ ગરાસિયાને 538 અને હરીફ ઉમેદવાર બિપિન પટેલને 513 મત મળ્યા હતા. આમ, જયેશભાઈનો 25 મતે વિજય થયો હતો.

### દમણ માછી મહાજન સમાજના પ્રમુખ તરીકે ચંદ્રકાંત કટેલાની વરણી



દમણ: દમણ માછી મહાજન સમાજની યોજાયેલી સામાન્ય સભામાં ચંદ્રકાંત કાટેલાની સર્વાનુમતે સમાજના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. તેમની નિમણૂકને સમાજના સભ્યોએ વધાવી લઈ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. આ પ્રસંગે સમાજના વરિષ્ઠ આગેવાનો, હોદ્દેદારો અને સભ્યોએ ચંદ્રકાંત કાટેલાને અભિનંદન પાઠવતાં વિશ્વાસ વ્યક્ત કર્યો કે, તેમના નેતૃત્વ હેઠળ સમાજમાં એકતા, સંગઠન અને સર્વાંગી વિકાસને નવી દિશા મળશે. સમાજ હિતના વિવિધ કાર્યોને વધુ વેગ મળશે. નવનિયુક્ત પ્રમુખ ચંદ્રકાંત કાટેલાએ સમાજના વરિષ્ઠો અને તમામ સભ્યોએ તેમના પર મૂકેલા વિશ્વાસ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### વાપીમાં ત્રિદીવસીય યોગ સત્ર સંપન્ન



વાપીઃ ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમરિયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપીમાં એન.એસ.એસ. યુનિટ અને શારીરિક શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે " સ્વસ્થ જીવન માટે યોગા"ના થીમ સાથે આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ રૂપે ત્રણ દિવસ યોગ સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના નિષ્ણાંત પ્રશિક્ષક શીતલ શ્રીગોત્રા તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થી મિત્રો અને શિક્ષકગણ માટે પ્રાચીન યોગાસન અને આધુનિક યોગ ક્રિયા કરાવી તેના ફાયદાઓ વિષે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્ય ડો.પૂનમ બી.ચૌહાણના માર્ગદર્શન તળે એન.એસ.એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો. ખુશ્બુ દેસાઈ અને શારીરિક શિક્ષણના મદદનીશ પ્રાધ્યાપક ડો. મયુર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

### વલસાડના ઉંટડીના બુટલેગરને 1 વર્ષ માટે તડીપાર કરાયો



વલસાડ: ઉંટડીના માથાભારે બુટલેગરને વલસાડ લોકલ ક્રાઈમ બ્રાન્ચે વલસાડ જિલ્લાની હદમાંથી એક વર્ષ માટે તડીપાર કર્યો છે. ઉંટડી (ડીપી ફળિયા) ખાતે રહેતા અને મૂળ ડુંગરી (રેલીયા ફળિયા)ના વતની તન્વીર પ્રકાશભાઈ કોળી પટેલ વિરુદ્ધ પ્રોહી. પર્સન તરીકે તડીપાર કરવાની દરખાસ્ત તૈયાર કરીને વલસાડ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સમક્ષ મોકલવામાં આવી હતી. આ દરખાસ્ત મંજૂર થતાં વલસાડ એલ.સી.બી.ની ટીમે આરોપી તન્વીર પટેલને ડુંગરી ખાતેથી ડીટેન કરી વલસાડ જિલ્લાની હદમાંથી એક વર્ષ માટે તડીપાર કરવાની તજવીજ હાથ ધરી હતી. આરોપી તન્વીર પટેલ લાંબા સમયથી ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન તેની સામે વલસાડ સિટી અને ડુંગરી પોલીસ સ્ટેશનમાં દારૂની હેરાફેરીના પ્રોહીબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ કુલ ૬ જેટલા ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. આ કામગીરી વલસાડ એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર એ.યુ. રોઝની સૂચના હેઠળ એ.એસ.આઇ. વિજય શાલીગ્રામભાઈ તથા અ.પો.કો. નીતિન બાબુલાલ દ્વારા ટીમ વર્કથી પાર પાડવામાં આવી છે.

### વાપીના ભડકમોરા નાકા પાસે બાઈક ચાલકે મહિલાને ટક્કર મારતા ગંભીર ઈજા

વાપી: વાપીના ભડકમોરા નાકા પાસે એક મોટરસાયકલના ચાલકે રસ્તો ક્રોસ કરી રહેલી પર વર્ષીય મહિલાને ટક્કર મારી હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે મહિલાના માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાને કારણે અંદર લોહી જામી ગયું હતું, હાલ મહિલા સારવાર હેઠળ છે. ફરિયાદી બીપીન રામમિલન યાદવ (ઉં.વ. ૨૩, રહે. ચણોદ ગામ, વાપી)એ વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં બાઇક ચાલક વિરૂદ્ધ ગુનો નોંધાવ્યો છે. ફરિયાદીની માતા વિધ્યાવતીદેવી ગત ૧૦ જૂને સવારે ૯ વાગ્યે ભડકમોરા ચાર રસ્તાથી વી.આઇ.એ. ચાર રસ્તા તરફ જતા રોડ પર સુનીતા પાન હાઉસની સામેથી રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે આ અકસ્માત નડ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ તેમને વાપીની ટ્રાયકેર હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## પૂરતા વરસાદના અભાવે ખરીફ પાક પર માઠી અસર રહેશે: ખેડૂતો

**નવસારીમાં** કાળઝાળ ગરમી: 35.8 ડિગ્રી તાપમાન સાથે 96 ટકા ભેજનો; વાવણી અટવાતાં ખેડૂતોની નજર આકાશ પર

નવસારીઃ ચોમાસાની ઋતુ શરૂ થઈ હોવા છતાં નવસારી જિલ્લામાં મેઘરાજા હજુ પણ મહેરબાન બન્યા નથી. છેલ્લા ચાર દિવસથી આકાશમાં ઘેરાયેલા વાદળો વરસાદની આશા જગાવી રહ્યા છે, પરંતુ વરસાદ ન વરસતાં જિલ્લામાં ગરમી અને બફારાનું પ્રમાણ અસહ્ય બની ગયું છે. ભારે ભેજના કારણે લોકો પરસેવાથી તરબોળ થઈ રહ્યા છે, જ્યારે વરસાદની રાહ જોતા ખેડૂતોમાં ચિંતાનું વાતાવરણ વધુ ઘેરું બન્યું છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના અહેવાલ મુજબ આજે જિલ્લામાં મહત્તમ તાપમાન 35.8 ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન 28.3 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. સવારે હવામાં ભેજનું પ્રમાણ 96 ટકા જ્યારે સાંજે 62 ટકા નોંધાયું છે.

દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી કલાકના 5.6 કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હોવા છતાં ઉકળાટમાં કોઈ ખાસ રાહત અનુભવાઈ નથી.

ખેડૂતોનું કહેવું છે કે વાવણી માટેનો મહત્વનો સમય ચાલી રહ્યો છે, પરંતુ પૂરતા વરસાદના અભાવે ખેતરોમાં વાવણી શરૂ કરવામાં મુશ્કેલી પડી રહી છે. જો આગામી થોડા દિવસોમાં સારો વરસાદ નહીં પડે તો ખરીફ પાકના ઉત્પાદન પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

ગરમી અને બફારાના કારણે શહેરના રસ્તાઓ પર પણ બપોરના સમયે અવરજવર ઘટી ગઈ છે.

## વલસાડ જિલ્લામાં અસહ્ય બફારાથી લોકો ત્રાહિમામ

**વરસાદના** બીજા રાઉન્ડની ધરતીપુત્રો કાગડોળે રાહ જોઇ રહ્યા છે

વલસાડઃ જિલ્લામાં ચોમાસાની ધમાકેદાર શરૂઆતના એંધાણ આપ્યા બાદ મેઘરાજા જાણે હાથતાળી આપીને ગાયબ થઈ ગયા હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. બે દિવસ પહેલાં વહેલી સવારે ધોધમાર વરસાદી ઝાપટું પડ્યા બાદ અચાનક જ મેઘવિરામ આવી જતાં જિલ્લામાં ફરીથી મે માસ જેવી કાળઝાળ ગરમી અને અસહ્ય બફારાનું સામ્રાજ્ય સ્થપાયું છે. આજે પણ સવારથી જ આકરા તડકા અને ભેજયુક્ત વાતાવરણને કારણે લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા હતા.

હવામાન વિભાગના સત્તાવાર આંકડાઓ મુજબ, આજે વલસાડનું મહત્તમ તાપમાન 32C નોંધાયું છે. હવામાં 72% જેટલા ઊંચા ભેજના પ્રમાણને કારણે વાસ્તવિક ગરમીનો અહેસાસ 39C જેટલો આંકડો પાર કરી ગયો હતો. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી ફૂંકાઈ રહેલા 12 માઈલ પ્રતિ કલાકની ઝડપના પવનો પણ લોકોને આ અસહ્ય બફારામાંથી રાહત અપાવી શક્યા ન હતા.

બે દિવસ અગાઉ જ્યારે વલસાડ તાલુકામાં 30 મિમી અને પારડીમાં 2 મિમી વરસાદ નોંધાયો ત્યારે લોકોને આશા હતી કે હવે ગરમીથી છુટકારો મળશે. પરંતુ આ વરસાદી રાઉન્ડ બાદ વાતાવરણ સંપૂર્ણપણે સૂકું થઈ જતાં ધરતીપુત્રો સહિત સામાન્ય નાગરિકોની ચિંતા વધી છે. હાલ તો વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ પડી રહેલી સખત ગરમીને કારણે વલસાડવાસીઓ અકળાઈ ઉઠ્યા છે અને હવે મેઘરાજા બીજા રાઉન્ડમાં ધમાકેદાર બેટિંગ કરે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે.

### વાપી ભડકમોરામાં મહિલા ગાંજાનો વેપલો કરતા પકડાઈ

વાપીઃ વાપી નજીકના ભડકમોરા, નાની સુલફડ, પ્રાથિમક સ્કૂલની પાછળ, બિલ્ડીંગના ચાલુ બાંધકામવાળી જગ્યાએ રેઈડ કરી હતી. જ્યાં અનિતાબેન કિરણભાઈ હળપતિ (ઉં.28, રહે. ભડકમોરા, વાપી)ની પૂછપરછ કરી હતી. પોલીસે તપાસ કરતા પલંગ પરથી પુંઠાના બોક્ષમાંથી થેલી મળી હતી અને તેમાં શંકાસ્પદ વનસ્પતિજન્ય માદક પાદર્થ મળી આવ્યો હતો. પોલીસે મહિલાની વધુ પુછતાછ કરતા આ ગાંજાનો જથ્થો રાજુ રામજી સરોજ (રહે. ભડકમોરા-વાપી)નો છે અને આ ગાંજો તેઓ છૂટકમાં વેચાણ કરવા માટે આપી ગયો હતો.

## નવસારી: આજે ચાર ટ્રેનોના રૂટ, સંચાલનમાં ફેરફાર કરાયો

**એક** ટ્રેન રદ, એક ટૂંકા રૂટ સુધી મર્યાદિત, બે MEMU ટ્રેનોના સંચાલનમાં બદલાવ



નવસારીઃ દક્ષિણ ગુજરાતમાં રેલવે મારફતે મુસાફરી કરનારા હજારો યાત્રિકો માટે પશ્ચિમ રેલવેએ સૂચના જારી કરી છે. રવિવાર, તા. 28 જૂને કામગીરીને ધ્યાનમાં રાખીને ચાર ટ્રેનોના રૂટ અને સંચાલનમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ નિર્ણયની સીધી અસર નવસારી, બિલીમોરા, વલસાડ અને ડહાણુ રૂટ પર અવરજવર કરતા દૈનિક મુસાફરો પર પડશે.

રેલવે દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ ટ્રેન નંબર 22930 બિલીમોરા-ડહાણુ પેસેન્જર સેવા સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. જ્યારે ટ્રેન નંબર 22929 હવે ડહાણુ સુધી નહીં પહોંચે અને માત્ર બિલીમોરાથી વડોદરા વચ્ચે જ દોડશે.

લોકલ મુસાફરો માટે મહત્વની MEMU ટ્રેનોમાં પણ ફેરફાર કરાયો છે. ટ્રેન નંબર 69152ની સેવા હવે માત્ર વલસાડ સુધી જ રહેશે, જ્યારે ટ્રેન નંબર 69151 પોતાની મુસાફરી બિલીમોરાના બદલે વલસાડ રેલવે સ્ટેશનથી શરૂ કરશે.

આ ફેરફારોને કારણે રોજિંદા અપ-ડાઉન કરતા કર્મચારીઓ, વિદ્યાર્થીઓ અને અન્ય મુસાફરોને અગવડતા ભોગવવી પડી શકે છે.

## ભીલાડમાં ઓનલાઈન રૂ.72,555ની છેતરપિંડી

**દીકરીને** પૈસા મોકલતી વખતે મોબાઇલ બંધ થયો એ સાથે જ નાણાં ટ્રાન્સફર થઈ ગયા

ઉમરગામઃ ભીલાડમાં રહેતા અને નડિયાદ ખાતે નોકરી કરતા ફરિયાદી દુર્ગા ગજાનંદ પંડિત સેલવાસ એચડીએફસી બેન્કમાં ખાતું ધરાવે છે પહેલા તેઓ સરીગામ ખાતે નોકરી કરતા હતા. તા. 7 જૂને પોણા ચારેક વાગ્યે ફોન પે મારફતે વતનમાં રહેતી પોતાની દીકરીના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરી રહ્યા હતા. તે વખતે અચાનક તેમનો મોબાઈલ ફોન કામ કરતો બંધ થઈ ગયો હતો અને રોહિત વિષ્ણુ ધુલે નામના વ્યક્તિના ખાતામાં રૂપિયા 72,555 ટ્રાન્સફર થઈ ગયા હોવાનો ટેક્સ મેસેજ મોબાઈલ ઉપર આવ્યો હતો. બેલેન્સ ચકાસતા રૂપિયા ઉપડી ગયા હોવાનું જણાયું હતું. તહોમતદાર રોહિતે ફરીયાદીની જાણ બહાર ઓનલાઈન બેન્કિંગનો ઉપયોગ કરી ફરિયાદીના એચડીએફસી બેન્ક ખાતામાંથી રૂપિયા 72,555 ઓનલાઈન ટ્રાન્સફર કરી છેતરપિંડી કરી હોવાના બનાવની ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દુર્ગા ગજાનંદ પંડિતે આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પારડીની કોમર્સ કોલેજમાં વિદાય સમારોહ યોજાયો

**નિવૃત્ત** થયેલા પ્રા. દિલીપ પટેલનું સન્માન કરવામાં આવ્યું

પારડીઃ પારડીની જે.પી પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં સંસ્કૃત વિષયના પ્રા. દિલીપ પટેલના નિવૃત્તિ વિદાય સન્માન સમારોહનું શનિવારે આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંચાલક મુકેશસિંહ સોલંકીએ ધી પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંતભાઈ દેસાઈ અને નિવૃત્ત એકાઉન્ટન્ટ ગોપાલ પાટીલે મોકલાવેલ શુભેચ્છા સંદેશનું વાંચન કર્યું હતું.

ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુની દેસાઈએ નિવૃત્ત થતા અધ્યાપકને આવકાર પ્રવચન આપી આવકાર્યા હતા. ત્યારબાદ નિવૃત્ત થતા પ્રા.દિલીપકુમાર વી. પટેલને શ્રીફળ, પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કોલેજના સ્ટાફ પરિવાર વતી જે સ્મૃતિભેટો અને સન્માન પત્ર કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈ અને સ્ટાફ સેક્રેટરી પ્રા.જીતેન્દ્ર ટંડેલના હસ્તે અર્પણ કરવામાં આવી હતી. ત્યારબાદ હાજર રહેલા ભૂતપૂર્વ નિવૃત અધ્યાપકોમાંથી પ્રા. અતુલ પંડ્યા, પ્રા. કિશોરસિંહ પરમાર, પ્રા. છાયાબેન દેસાઈએ પોતાના અભિપ્રાયો આપ્યા હતા.

કોલેજમાંથી પ્રા. પ્રતિમાબેન મિસ્ત્રી, પ્રા. મુકેશસિંહ સોલંકી ,ડૉ. સતવિન્દર કૌર, ધનજય અને ડૉ.જીતુભાઈ ભોઈએ પણ એમની સાથે ગુજારેલા દિવસોને યાદ કરી અભિપ્રાયો આપ્યા હતા.

નિવૃત્ત થઈ રહેલા પ્રા. દિલીપકુમાર વી. પટેલે એમણે કોલેજમાં વિતાવેલા ૩૭ વર્ષમાં તેમને કરેલા જુદી જુદી સમિતિમાં બજાવેલ ફરજો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને આભાર દર્શન પ્રા. મુકેશસિંહ સોલંકીએ કર્યું હતું.

## મનરેગાના શ્રમિકો માટે કામના દિવસો વધારવા જોઇએ: ધારાસભ્ય

**વાંસદાના** ધારાસભ્ય અનંત પટેલે રૂપવેલ-ચઢાવ ખાતે શ્રમિકોના પ્રશ્નો સાંભળ્યા

વાંસદાઃ મનરેગાના શ્રમિકો કાળઝાળ ગરમીના ડિસેલ્ટીગના કામો કરી રહ્યા છે. તેમના પ્રશ્નો સાંભળવા કામના સ્થળે વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલ રૂપવેલ અને ચઢાવ ગામે પહોંચ્યા હતા. સરપંચ નિતેશ કુનબી સાથે સંવાદ કર્યો હતો. શ્રમિકોની મુખ્ય માંગણી હતી કે વેતનમાં વધારો કરવામાં આવે, કામના દિવસો વધારવામાં આવે અને કામોમાં કોદારાનું કામ, જમીન લેવલિંગનું કામ, ખેત તલાવડીનું કામ, માટી મેટલના રોડ- રસ્તાનું કામ અને શ્રમિકોને કામકાજના સાધનો પાવડા- તગારા, ત્રિકમો આપવામાં આવે એવી માંગણી કરવામાં આવી હતી. ઉપસ્થિત વાંસદા- ચીખલીના ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, વરસાદ ખેંચાયો છે એવા સંજોગોમાં કામના દિવસો વધારવા જોઈએ. શ્રમિકોને ઓજારો પણ આપવા જોઈએ અને શ્રમિકોનું વેતન વધારવું જોઈએ. આ બધી માંગણી ન સ્વીકારાય તો આવનારા દિવસોમાં આંદોલન પણ કરીશું. આ સંવાદમાં સરપંચ નિતેશ કુનબી, પ્રકાશભાઈ, ઈશ્વરભાઈ, ઠાકોરભાઈ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### ભાવનગર એક્સપ્રેસમાંથી 1.27 લાખની મતા ચોરાઈ

વલસાડઃ ભાવનગરથી મુંબઈ જતી ભાવનગર એક્સપ્રેસમાં ટ્રેનના બી/૭ કોચમાં સીટ નંબર ૯ અને ૧૦ ઉપર મુસાફરી કરી રહેલા ભાઈંદર વેસ્ટના રહીશ મિત્તલબેન જતિનભાઈ મહેતા (ઉ.વ. ૪૫) નામના મહિલા મુસાફરે માથા પાસે મૂકેલું તેમનું લેડિઝ પર્સની તસ્કરોએ ચોરી કરી હતી. ભોગ બનનાર મહિલાએ જાગીને જોતા તેમનું બ્રાઉન કલરનું પર્સ ગાયબ હતું. પર્સમાં રૂ.૭,૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન, ૧૦,૦૦૦ રોકડા રૂપિયા, રૂ.૧૦,૦૦૦ની રાડો કંપનીની ઘડિયાળ, તેમજ અંદાજે ૧ લાખ રૂપિયાની કિંમતના ૧૮ કેરેટના સોનાના દાગીના (જેમાં સોનાની ચેઈન, બ્રેસલેટ અને વીંટી સામેલ હતા) મળી કુલ રૂ.૧,૨૭,૦૦૦ની મત્તા ચોરાઈ હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પર્સમાં વિવિધ બેંકોના ડેબિટ-ક્રેડિટ કાર્ડ અને ડ્રાઈવિંગ લાયસન્સ જેવા મહત્વના દસ્તાવેજો પણ હતા. આ ઘટના અંગે વલસાડ રેલવે પોલીસ દ્વારા ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## વાપીમાં યુવક પર ચપ્પુ વડે હુમલો

વાપીઃ ઈજાગ્રસ્ત યુવકના મિત્ર હર્ષ રાજેશ સીંગે પોલીસમાં કરેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત ૨૨ જૂનના રોજ આરોપી ભીમ ગુપ્તાની મોટરસાયકલ ફરિયાદીના મિત્રની માતા સાથે સહેજ અડી ગઈ હતી. જે બાબતે પીયુષ ઉર્ફે લક્કી અને ભીમ ગુપ્તા વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો. ત્યારે પિયુષે ભીમને તમાચો મારી દીધો હતો. ગઈકાલે રાત્રે આશરે ૧૧:૪૫ વાગ્યે પીયુષ અને હર્ષ મોપેડ પર ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ગીતાનગર ટાંકી ફળીયા પાસે ભીમ ગુપ્તા તેના મિત્રો વિશાલ પ્રજાપતિ, સુરજ પાસવાન અને મહેરાજ મોહમ્મદ સાથે ઉભેલો જોવા મળ્યો હતો. પીયુષ જૂના ઝઘડાનું સમાધાન કરવા તેમની પાસે ગયો હતો. સમાધાનની વાત સાંભળતા જ ચારે જણ ઉશ્કેરાઈ ગયા હતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વિશાલે પીયુષના પેટ અને છાતીના ભાગે ચપ્પુના બે-ત્રણ ઘા ઝીંકી દીધા હતા. જેના કારણે પીયુષના આંતરડા બહાર આવી ગયા હતા.

દ્વિતીય પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. રમણભાઇ
ઉકાભાઈ પટેલ
સ્વ. તા. ૨૮-૦૬-૨૦૨૪

જીવન મળવું એક ભાગ્યની વાત છે,
મૃત્યુ થવુ એ નિશ્ચિત વાત છે,
પરંતુ મૃત્યુ પછી પણ લોકોના
હૃદયમાં જીવતા રહેવું એ
જીંદગીમાં આપે કરેલા સારા કર્મોની વાત છે.
પ્રભુ તમારા આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
તેજસ સુમંતભાઇ પટેલ
તથા સમસ્ત પરિવાર